**તાપમાન**
મહત્તમ : ૪૦.૮ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૩૨ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૯૧ | ૧૧ જૂન, ૨૦૧૬, શનિવાર ; જેઠ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## વિરભદ્રની સતત બીજા દિવસે પુછપરછ

નવીદિલ્હી,તા. ૧૦
સીબીઆઈએ આજે અપ્રમાણ સંપત્તિ કેસના સંદર્ભમાં હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રીની સતત બીજા દિવસે પુછપરછ કરી હતી. વિરભદ્રસિંહ પુછપરછમાં બીજા રાઉન્ડ માટે આજે સવારે ૧૧ વાગે સીબીઆઈની ઓફિસમાં પહોંચી ગયા હતા. ગુરુવારના દિવસે વિરભદ્રસિંહની સાત કલાક સુધી સીબીઆઈ દ્વારા પુછપરછ કરવામાં આવી હતી. આજે પણ તેની લાંબી પુછપરછ થઈ હતી. તેમની સામે પુરાવાના સંદર્ભમાં કોઈ સ્પષ્ટીકરણ આપવામાં વિરભદ્રસિંહ નિષ્ફળ દેખાઈ રહ્યા છે.

## ઈન્ડિયન એરફોર્સને ત્રણ મહિલા પાયલોટો મળશે

હૈદરાબાદ,તા. ૧૦
ભારતની પ્રથમ ત્રણ મહિલા ફાઈટર પાયલોટો ૧૮મી જૂનના દિવસે ઈન્ડિયન એરફોર્સમાં વિધિવતરીતે સામેલ કરવામાં આવનાર છે. આની તમામ તૈયારીઓ હાલમાં ચાલી રહી છે. સંરક્ષણ પ્રધાન મનોહર પારીકર દ્વારા વિધિવતરીતે મહિલા ફાઈટર પાયલોટોને સામેલ કરવામાં આવશે. હૈદરાબાદના પરા વિસ્તારમાં આવેલા ડુંડીગલ ખાતે એરફોર્સ એકેડેમીમાં ગ્રેજ્યુએશન પરેડ ખાતે આઈએએફની જુદી જુદી શાખાના ફ્લાઈટ કેડેટની સાથે તેમને સામેલ કરવામાં આવશે.

# ચોમાસાના વિલંબથી ભાવ આસમાને

### કઠોળ, ઘઉં, દુધ, ખાંડના ભાવમાં ૧૦-૨૧ ટકા સુધીનો વધારો : કઠોળની કિંમતમાં મે મહિના બાદથી ૧૬ ટકા અને ખાંડના ભાવમાં બે ગણો વધારો નોંધાયો : મગફળી તેલની કિંમતો હવે ૨૫૦૦ સુધી પહોંચી શકે છે

નવી દિલ્હી,તા. ૧૦
મોનસુનમાં વિલંબ થવાના કારણે હવે તેની માઠી અસર થવાની શરૂઆત થઈ ગઈ છે. કારણ કે દેશના મોટા ભાગના વિસ્તારોમાં જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં નોંધપાત્ર વધારો થતા પહેલાથી જ મોંઘવારીનો સામનો કરી રહેલા લોકોની હાલત કફોડી બની ગઈ છે. મે મહિના બાદથી જ કઠોળ, ઘઉં, દુધ, ખાંડ અને તેલિબિયા સહિતની ચીજવસ્તુઓના ભાવમાં ૧૦-૨૧ ટકા સુધીનો વધારો થઈ ગયો છે. ભાવ વધારાના કારણે લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારને ભાવ વધારાને કાબુમાં લેવા માટે હવે તાત્કાલિક પગલા લેવાની જરૂરીયાત દેખાઈ રહી છે. સતત બે વર્ષ સુધી દુષ્કાળની સ્થિતી રહ્યા બાદ મોટા ભાગે ચીજવસ્તુઓના ઉત્પાદનમાં ઘટાડો થયો છે. અહેવાલમાં કહેવામાં આવ્યુ છે કે નવા પાકને બજારમાં આવવામાં સમય લાગી શકે છે જેથી ભાવમાં જોરદાર ભડકો થયો છે. મોનસુનમાં વિલંબ થતા હાલત કફોડી બની રહી છે. સરકાર દ્વારા ખાંડ અને કઠોળના ભાવને કાબુમાં લેવા અને લોકોને મદદરૂપ થવા માટે કેટલાક ભાવ નિયંત્રણ પગલા લીધા છે. ખાંડ, કઠોળ અને ઘઉના ઉત્પાદનમાં ઘટાડો થયો છે. કારોબારીઓ ઓછા ઉત્પાદનના કારણે પરિસ્થિતીનો લાભ લઈ રહ્યા છે. મે મહિના બાદથી કઠોળ, ઘઉં, દુધ, ખાંડ અને તેલિબિયાના ભાવમાં જોરદાર વધારો થયો છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા મે મહિનામાં સૌથી પહેલા મોનસુનની આગાહી કરવામાં આવી હતી. એક સપ્તાહના વિલંબ બાદ મોનસુનની એન્ટ્રી સત્તાવારરીતે



● અનુસંધાન પાન-૭ પર

## ઉડતા પંજાબ ફિલ્મ મામલે સોમવારે મહત્વનો ચુકાદો

### સેન્સરશીપ વિવાદને લઇને મામલો કોર્ટમાં : ફિલ્મમાં કુલ ૮૯થી વધુ સીન ઉપર કાતર કેમ ફેરવવામાં આવી છે તેને લઇનો સેન્સાર બોર્ડના વકીલોનો પ્રશ્નો કરાયા



મુંબઈ,તા. ૧૦
મુંબઈ હાઈકોર્ટ દ્વારા ઉડતા પંજાબ સેન્સરશીપ વિવાદના સંદર્ભમાં ૧૪મી જૂનના દિવસે તેનો ચુકાદો જાહેર કરશે. અગાઉ મુંબઈ હાઈકોર્ટે આજે સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી)ની જોરદાર ઝાટકણી કાઢી હતી. તેની સામગ્રી મુજબ ફિલ્મને પ્રમાણપત્ર આપવા સેન્સર બોર્ડને કહેવામાં આવ્યું હતું. કોર્ટે આ ફિલ્મમાં ૮૯ સીન ઉપર કાતર ફેરવી નાંખવાના સંદર્ભમાં સેન્સર બોર્ડના વકીલોને પ્રશ્નો કર્યા હતા. બીજી બાજુ સેન્સર બોર્ડના વકીલોએ દલીલ કરી હતી કે, આ ફિલ્મમાં જે સીન ઉપર કાતર ફેરવવામાં આવી છે તેમાં સામગ્રી, ભાષા, એક્શન ખુબ જ અશ્લિલ અને વાંધાજનક હતા. હાઈકોર્ટે ફિલ્મમાં કાતર ફેરવવાની માંગ કરતા ફિલ્મને યોગ્ય રીતે પ્રમાણપત્ર આપવા સૂચન કર્યું હતું. વકીલોએ એવી દલીલ કરી હતી કે, ફિલ્મની સામગ્રી ચાહકોને

● અનુસંધાન પાન-૭ પર

# યુપીમાં ભાજપ રાજનાથના ચહેરાને ઉપસાવશે

### ઉત્તર પ્રદેશમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે : પ્રચાર માટેની પણ મોટી જવાબદારી સોંપવા હિલચાલ

નવીદિલ્હીદ,તા. ૫
કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહનો ઉત્તાર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીની પ્રચારની મોટી જવાબદારી સોંપવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ઉત્તાર પ્રદેશની ચૂંટણીમાં રાજનાથસિંહને ભાજપના ચહેરા તરીકે રજૂ કરવાની ગણતરી ચાલી રહી છે. ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠક અલ્હાબાદમાં યોજાય તેના પહેલા આ ગણતરી હાથ ધરવામાં આવી છે. રાજનાથસિંહ યુપી ચૂંટણીમાં ચાવીરુપ ભૂમિકા અદા કરી શકે છે. અલબત્ત ભાજપે આવી કોઈપણ અટકળોના સંદર્ભમાં પ્રતિક્રિયા આપી નથી પરંતુ ભાજપે મુખ્યમંત્રી પદના ઉમેદવારને લઈને જાહેરાત કરવાની વાત કરી દીધી છે. જો તમામ બાબતો યોજના પૂર્વક આગળ વધશે તો મુખ્યમંત્રી પદના ઉમેદવારની જાહેરાત કરવામાં આવી



શકે છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી તરીકે પણ તેઓ સેવા આપી ચુક્યા છે. ચૂંટણી પ્રચારમાં તેમની ચોક્કસપણે મોટી ભૂમિકા રહેશે. રાજકીયરીતે સૌથી મહત્વપૂર્ણ ગણાતા ઉત્તર પ્રદેશ ઉપર ભાજપે મુખ્યધ્યાન કેન્દ્રીત કરી દીધું છે. આગામી દિવસોમાં આ સંદર્ભમાં કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકાય છે. લોકસભાની ચૂંટણીમાં મોદી લહેર વચ્ચે ભાજપે યુપીમાં જોરદાર સપાટો બોલાવ્યો હતો.



પવિત્ર રમઝાન માસના પ્રથમ શુક્રવારે મુસ્લિમ બિરાદરોએ ભાવપૂર્વક નમાજ અદા કરી હતી...

# શિયાળ બેટ ટાપુના આવાસોમાં વિજ રોશની

### ૮૪૧ આવાસોમાં મુખ્યમંત્રી આનંદીબેન આજે વિજળીની રોશનીનો પ્રારંભ કરાવશે

અમદાવાદ, તા.૧૦
મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવતીકાલ શનિવાર તા. ૧૧ જુન-૨૦૧૬ના અમરેલી જિલ્લાના શિયાળ બેટ ટાયુના ૮૪૧ આવાસોના ૫ હજાર વસાહતીઓના ઘરમાં વીજળીની રોશની ઝળહળાવવાનો પ્રારંભ કરાવશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, વીજળીકરણ માટે ગ્રીડ પાવર સાથેનું જોડાણ તાંત્રીક અને આર્થિક કારણોસર દરિયાઈ રસ્તે શક્ય ન હોવાથી વીજળીકરણ થઈ શકેલ ન હતું. તદુપરાંત શિયાળબેટ ટાપુમાં દરિયાઈ વિસ્તાર હોવાને કારણે તથા ચોમાસામાં ભેજનું પ્રમાણ અતિ હોય છે. જેથી શિયાળ બેટનું સૌરઊર્જાથી પણ વીજળીકરણ કરવું શક્ય થયું નહીં. આમ, શિયાળ બેટ વિસ્તારમાં પીજીવીસીએલ દ્વારા કોઈ પણ યોજના હેઠળ વીજળીકરણની કામગીરી થઈ શકેલ ન હતી.

# ગુલબર્ગ હત્યાકાંડના અપરાધીઓને સોમવારે સજાની જાહેરાત કરાશે

### કેસમાં ડિફેન્સ દ્વારા લઘુત્તમ સજાની માંગણી કરવામાં આવી : કેસમાં રહેલા સાક્ષીઓ અપરાધીઓને ઓળખી શકવામાં પણ સફળ રહ્યા નથી જેથી અપરાધીને લઘુત્તમ સજા થવી જોઈએ : ડિફેન્સની તર્કદાર દલીલ

અમદાવાદ,તા. ૧૦
અમદાવાદની ખાસ અદાલત હવે ગુજરાત સહિત દેશભરને હચમચાવી મુકનાર ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ કેસમાં અપરાધી જાહેર થયેલા ૨૪ શખ્સોને સજા અંગેની જાહેરાત સોમવારના દિવસે કરશે. સેશન કોર્ટમાં આજે સજાને લઈને દલીલો ઉપર સુનાવણી પરિપૂર્ણ કરી લેવામાં આવી હતી. કોર્ટે માહિતી આપી હતી કે, ૧૩મી જૂનના દિવસે સજાના પ્રમાણ અંગેની જાહેરાત કરવામાં આવશે. ગઈકાલે કેસમાં ડિફેન્સે અપરાધીઓ માટે લઘુત્તમ સજાની માંગણી કરી હતી. આ કેસમાં દલીલો કરતા ડિફેન્સ વકીલોએ કહ્યું હતું કે, કેસમાં રહેલા સાક્ષીઓ અપરાધીઓને ઓળખી શકવામાં સંપૂર્ણ સફળ રહ્યા નથી જેથી આ આધાર ઉપર લઘુત્તમ સજા અપરાધીઓને થવી જોઈએ. કેસમાં કુલ આઠ સાક્ષીઓ છે. ડિફેન્સ વકીલે કહ્યું હતું કે, પ્રોસીક્યુશનને આ બાબત જોવાની જરૂર છે કે, જો આરોપી જેલમાંથી બહાર આવશે તો સમાજ સામે ખતરો બની શકે છે કે કેમ. ચુકાદાને ધ્યાનમાં લઈને કોર્ટ સંકુળની આસપાસ પહેલાથી જ મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. અગાઉ તમામ અપરાધીઓને છટ્ઠી જુનના દિવસે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે કોટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ દલીલો પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

જો કે એક દિવસે ફેંસલો આવ્યો ન હતો. સમગ્ર દેશને હચમચાવી મુકનાર ગુલબર્ગ હત્યાકાંડ મામલે બીજી જૂનના દિવસે અમદાવાદની ખાસ અદાલતે મામલામાં લાંબા ગાળા બાદ ચુકાદો આપતા ૬૬ આરોપીઓ પૈકી ૨૪ને અપરાધી ઠેરવ્યા હતા અને ૩૬ને નિર્દોષ છોડી મુક્યા હતા. જે આરોપીઓને અપરાધી જાહેર કરવામાં આવ્યા હતા તેમાં વિહિપના નેતા અતુલ વૈધ્યનો સમાવેશ થાય છે. ચકચારી આ કેસમાં ટ્રાયલ સાત વર્ષ સુધી ચાલી હતી. સઘન સુરક્ષા વચ્ચે ખાસ જજ પીબી દેસાઈ દ્વારા બીજી જુનના દિવસે ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો.

## હાર્દિક અભિનંદન



**ડો. હિમાંશુ પટેલ**
(અડાલજ)
પ્રવક્તા,
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
ચેરમેનશ્રી,
ગાં. નાગરીક બેંક લિ.



**શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા**
(વાસન)
પૂર્વ ઉપપ્રમુખ,
ગાંધીનગર જિલ્લા પંચાયત



**શ્રી વિક્રમસિંહ ખાચર**
પૂર્વ પ્રમુખ,
ગાં. શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિ



**શ્રી બાબુજી ઠાકોર**
પૂર્વ ધારાસભ્યશ્રી, માણસા

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા **શ્રીમતિ સોનિયા ગાંધી**ની સૂચના અને નવસર્જન ગુજરાતના પ્રણેતા એવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ **શ્રી ભરતસિંહ સોલંકી** તેમજ ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા **શ્રી શંકરસિંહ વાઘેલા**ના માર્ગદર્શન હેઠળ દ્વારા આપ સર્વશ્રીની જિલ્લા નિરીક્ષક તરીકે કરાયેલી નિમણૂકને અમો સહર્ષ આવકારીએ છીએ. આપ સર્વશ્રી કોંગ્રેસની વિચારધારાને આપના સમગ્ર જિલ્લાના છેવાડાના વિસ્તાર સુધી પ્રસરાવી નાનામાં નાના કાર્યકરોમાં ઉત્સાહનો સંચાર કરી પ્રજાનું જબરજસ્ત સમર્થન ઉભું કરશો તેવી હાર્દિક શુભેચ્છા....

- **પરેશભાઈ પટેલ** ડાયરેક્ટર, કૃભકો, ન્યુ દિલ્હી
- **સુરેશભાઈ પટેલ** ચેરમેન, તા. ખ. વે. સંઘ
- **રાજુભાઈ પટેલ (કોબા)**
- **રાવજીભાઈ પ્રાણભાઈ પટેલ (ઉનાવા)**
- **પ્રકાશ સી. પટેલ (કુડાસણ)**
- **જશુભાઈ પટેલ (મુખી-ઉનાવા)**
- **સંજય પટેલ** (સેક્ટર-૩/ન્યુ)
- **જયંતિભાઈ પટેલ** મહામંત્રી, ગુજરાત શિક્ષક સંઘ
- **ઇન્દ્રવદન કરશનભાઈ પટેલ** (રૂપાલ)
- **વિક્રમભાઈ આર. પટેલ** (અંબાપુર)
- **પંકજ પસાભાઈ પટેલ** (વાવોલ)
- **સુરેશભાઈ પટેલ** પૂર્વ ધારાસભ્યશ્રી, કલોલ
- **લાલભાઈ જી. પટેલ** ડીરેક્ટર, એ.ડી.સી.
- **મેહુલ પટેલ (સી.એ.)** કો.ઓ., સી.એ.સેલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ
- **ભરતભાઈ પટેલ (પલીયડ)** ઉપપ્રમુખ, ગાં. જિ. પંચાયત
- **કૃષ્ણકાન્ત આર. પટેલ (વરિષ્ઠ કોગ્રેસી અગ્રણી)**
- **અનંતભાઈ ભીખાભાઈ પટેલ (રાંધેજા)**
- **પ્રહલાદભાઈ એસ. પટેલ (જામળા)**
- **પ્રવિણભાઈ માણીયા** (સેક્ટર-૭)
- **પંકજભાઈ પટેલ** (સેક્ટર-૭)
- **પોપટલાલ વી. પટેલ** (પૂર્વ ધારાસભ્ય)
- **જે. એસ. પટેલ** (ઉનાવા) ઉપપ્રમુખ, એલીકોન એન્જિ.
- **સંજય અંબાલાલ પટેલ** (ગ્રીનસિટી, સેક્ટર-૨૬, ગાંધીનગર)
- **રણછોડભાઈ વી. પટેલ** (કુડાસણ)
- **પંકજભાઈ હાથીભાઈ પટેલ** (માણસા)
- **મેહુલ પટેલ** (સેક્ટર-૨૪)
- **ગીતાબેન પી. પટેલ** (ઈટાદરા) (ચેરમેન, શિક્ષણ સમિતિ, ગા. જિ.પં.)
- **ચંદ્રકાન્તભાઈ સી. પટેલ** (સરઢવ)
- **વાસુદેવ મથુરભાઈ પટેલ** (લાલભાઈ દાઢી)
- **જયંતિભાઈ એ. પટેલ** (માણસા)

ધોરણ 12 પછી કોલેજની સાથે-સાથે
IAS GPSC
ફ્રી સેમિનાર તા.12 જૂન (સવારે 9 કલાકે)

FY/SY/TY/ગ્રેજ્યુએટ માટે
IAS GPSC
ફ્રી સેમિનાર તા.12 જૂન (સવારે 11 કલાકે)

વક્તા : રજનીશ સિંહ તોમર
વિશ્વાસ એજ્યુકેશન ગાંધીનગર
ફોનથી રજીસ્ટ્રેશન જરૂરી
307, B-Block, અટ્રીયા કોર્નર, ખ-0, સરગાસણ ચાર રસ્તા, એસ.જી. હાઈવે, ગાંધીનગર
9426880577
9924191307

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225